

## સરડોઈના પ્રાચીન શ્વેતાંબર દેરાસરમાં અઢાર અભિષેક

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં આવેલા પ્રાચીન શ્વેતાંબર જૈન દેરાસરમાં શ્રાવકો દ્વારા અઢાર અભિષેકની પૂજા-અર્ચના કરાઈ હતી. જિલ્લાના અનેક ગામડાઓમાં આવેલા દેરાસરોમાં શ્રાવકો દ્વારા અભિષેક અને પૂજા-અર્ચના કરવામાં આવે છે. મોડાસા તાલુકાના સરડોઈ ગામના ૧૮૫ વર્ષ પૂર્વેને પ્રાચીન શ્વેતાંબર જૈન દેહાસરમાં ભગવાન આદેશ્વરદાદાદની અઢાર અભિષેક દ્વારા પૂજા-અર્ચના યોજાઈ હતી. સરડોઈના મૂળ વતની અને હાલ - મલાડ સ્થિત સ્વ. ગુણવંતલાલ અંબાલાલ શાહના આત્મશ્રેયાર્થે તેમના ધર્મપત્ની ગં. સ્વ. કોકિકાલબેનના પુત્ર મિતુલ શાહ દ્વારા શુદ્ધોદક અનુપમ ઔષધીઓ, સુવર્ણજળ જેવા દ્રવ્યોથી ભગવાન ૠષભદેવને આહુતિ અર્પણ કરી સંગીતના દિવ્ય સ્વરોની સુરાવલિ-શંખનાદ સાથે મંત્રોચ્ચારથી વાતાવરણમાં ભક્તિમય માહોલ રચાયો હતો. આ પ્રસંગે મુંબઈ-મલાડથી ચતુર્વિધ જૈન સંઘે ખાસ ઉપસ્થિત રહી પૂજા-અર્ચનાનો લાભ લીધો હતો.

# દેવની મોરી પાસે મેશ્વો કેનાલ પર બનેલું સાંકડું પુલીયું ભયજનક



શામળાજીનજીકના મેશ્વો ડેમ ઉપર થઈ અંતરિયાળ ગામડામાં જતા રસ્તે દેવની મોરી પાસે મેશ્વો કેનાલ ઉપર બનાવાયેલું પુલીયું સાંકડું હોવાના કારણે અકસ્માત નોતરી રહ્યું છે. અત્યાર સુધીમાં સ્થળે ૧૧ અકસ્માતોમાં ત્રણ લોકોનો ભોગ લેવાયો છે. જેથી પુલીયાને પહોળું કરવું જોઈએ તેવી માંગ ઊભી છે.

દેવનીમોરીના ડેપ્યુટી સરપંચ પ્રવીણસિહ જાડેજાએ જણાવ્યું કે, શામળાજી ખાતે વર્ષો અગાઉ બનાવાયેલા મેશ્વો ડેમ ઉપરથી જતા રસ્તે થઈ શામળાજી આસપાસના ૮૦થી વધુ અંતરિયાળ ગામોમાં જવાય છે. રસ્તે થઈ શામળાજીથી મેઘરજ તેમજ મોડાસા તરફના ગામો માટે દિવસ તેમજ રાત્રીના સમયે અસંખ્ય નાના મોટા વાહનો અવર-જવર કરે છે.

રસ્તામાં દેવનીમોરી નજીકથી પસાર થતી મેશ્વો કેનાલ ઉપર વિભાગ દ્વારા વર્ષો પહેલા સાંકડું પુલીયું બનાવાયું છે, જે છેલ્લા કેટલાક સમયથી વાહન ચાલકો માટે ભયજનક બની જઈ છાસવારે અકસ્માત નોતરી રહ્યું છે. પુલીયું સાંકડું હોવાના કારણે અત્યાર સુધીમાં ૧૧ જેટલા અકસ્માતોમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે તેમજ ૧૫ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત ઝોન બની રહેલા પુલીયાને પહોળું કરવા વિસ્તારના લોકો દ્વારા માંગ કરાઈ છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં તાપમાનમાં આંશિક વધારો

## બંને જિલ્લામાં વાતાવરણ વાદળ છાયુ રહેતા ઠંડીથી રાહત



મોડાસા, તા. ૨૮

ઉત્તર ભારત અને કાશ્મીરમાં બરફ વર્ષા થતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સતત એક માસ સુધી તાપમાનમાં ભારે ઘટાડો થતાં પારો ૧૦ ડિગ્રીથી નીચે અને આજુબાજુ રહેતા રહીશો, પશુ-પંખીઓ અને વન્યપ્રાણીઓ ઠંડીથી ઠુંઠવાઈ ગયા હતા. શનિવાર રાત્રી પછી વાતાવરણ વાદળ છાયુ રહેતા ઠંડીમાં આંશિક રાહત અનુભવાઈ રહી છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનનો પારો ઉંચે જતા ઠંડીના પ્રમાણ ઘટ્યું છે. હજુ ત્રણ દિવસ સુધી ઠંડીમાં આંશિક રાહત રહેવાની હવામાન ખાતાના સૂત્રો દ્વાર જણવાયું હતું.

અરવલ્લી - સાબરકાંઠાના વાતાવરણમાં કાશ્મીર અને ઉત્તર ભારતમાં હિમવર્ષા થતાં જિલ્લામાં તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો હતો. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી હવામાનમાં પલટો આવતા વાતાવરણ વાદળછાયું રહેતા તાપમાનનો પારો ઉચકાતાં ઠંડીમાં આંશિક રાહત થઈ છે. બંગાળની ખાડીથી સર્જાયેલ લો પ્રેસર પર વર્તાતા વાતાવરણ વાદળ છાયુ બનવા પામ્યું છે. સતત ૧૫ દિવસથી રાત્રીના તેમજ દિવસના તાપમાનમાં ઘટાડો નોંધાયા પછી પાછલા ત્રણ દિવસથી વાતાવરણ ઊંચે જવા પામ્યું છે. હવામાન વિભાગનાં આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ દિવસથી હવામાનમાં આવેલ પલટો હજુ આગામી ત્રણ દિવસ સુધી ઠંડીમાં રાહત રહેવની સાથે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં આશરે ૩ ડિગ્રી જેટલો વધારો થવાની સંભાવના છે.

બંને જિલ્લામાં ઠંડીએ ટોપ ગિયરમાં સ્પીડ વધારતાં સવાર અને સાંજના પ્રજાજનોનું જનજીવન ઘરોમાં કેદ થઈ ગયું હતું ત્યારે ઠંડીએ રિવર્સ ગિયર કરતાં તાપમાનનો પારો ઉંચકાયો હતો. સપ્તાહના પ્રથમ દિવસે ઠંડીનું પ્રમાણ ઘટતા જિલ્લાના પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# કાંકરેજ તાલુકાના રાજપુર ગામે દારૂને દેશવટો અપાયો

દિયોદર, તા.૨૮

કાંકરેજ તાલુકાના રાજપુર ગામે છેલ્લા કેટલાય સમયથી યુવાધન અને ગ્રામજનો દારૂના રવાડે ચડી ગયેલ હતું.



સમગ્ર બનાસકાંઠામાં ક્ષત્રિય સેના દ્વારા ગામડાઓમાં દારૂ બંધ કરવાનું બીડું ઝડપ્યું છે અને તેનું પરિણામ પણ મળી રહ્યું છે. ઠેર-ઠેર દારને દેશવટો અપાઈ રહ્યો છે. ત્યારે રાજપુર ગામે પણ ગ્રાજમનો એકઠા થઈ દારૂ બંધ કરાવાના સોગંધવિધિ થઈ હતી.

ગામમાં દારૂ પાડવો નહીં, દારૂ પીને આવે તેને સામાજિક રીતે દંડ કરવો વગેરે શરતો મુકવામાં આવી હતી. આ પ્રસંગે થરા પી.એસ.આઈ. દેસાઈ, તેમજ પી.એસ.આઈ. બી.એસ. કરમટા, જમાદાર રમેશભાઈ, શાંતિભાઈ, સરપંચ સુરુભા દરબાર, ભેમાભાઈ જોષી, ભગુભાઈ પટેલ, અમરસીંગ, ભરતજી વગેરે ગ્રામજનો હાજર રહ્યા હતા.



## બનાસ ડેરીના નવા ચેરમેન શંકરભાઈ ચૌધરીને ગણપતભાઈ જોશીએ શુભેચ્છા પાઠવી

પાલનપુરની જાણીતી બનાસ ડેરીની ચુંટણીમાં ભવ્ય વિજય બાદ મંત્રી શંકરભાઈ ચૌધરીની આપની પેનલની શાનદાર જીત થતા ડેરીના નવા ચેરમેન તરીકે સભ્યોએ શંકરભાઈ ચૌધરીને અને વાઈસ ચેરમેન તરીકે ડીસા એ.પી.એમ.સી.ના ચેરમેન માવજીભાઈ દેસાઈને બિન હરીફ તરીકે કલેકટર કચેરીમાં ચુંટણી અધિકારી શેખ દ્વારા જાહેર કર્યા. ત્યારે ભાજપના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય અને ગાંધીનગર સમાચારના બનાસકાંઠા બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી, બનાસડેરીના નવ નિયુક્ત ચેરમેન શંકરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

## મહેસાણા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ યોજાશે

મહેસાણા જિલ્લામાં ૩૧ ડિસેમ્બરથી ૦૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રવિકૃષિ મહોત્સવ યોજાનાર છે. જિલ્લામાં ૩૧ ડિસેમ્બરના રોજ મહેસાણા ખાતે દુધ સાગર ડેરી હોલ અને ખેરાલુ માર્કેટ યાર્ડ ખેરાલું ખાતે યોજાશે. આ ઉપરાંત ૦૧ જાન્યુઆરીના રોજ જોટાણા શ્રી રામ સર્વ વિધાલય જોટાણા અને તમાકુ માર્કેટ યાર્ડ ઉનાવા ખાતે યોજાશે, ૨ ડિસેમ્બરના રોજ વિજાપુર તમાકુ માર્કેટ યાર્ડ અને સતલાસણા ગઢવાડા પ્રજાપતિ સમાજ વાડી ખાતે યોજાશે.કડી ખાતે ૦૩ ડિસેમ્બરના રોજ માર્કેટ યાર્ડ કડી અને વડનગર સાતસો સમાજની વાડી ખાતે રવિ કૃષિ મહોત્સવ યોજાશે.

# અમદાવાદમાં બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

## તેજસ્વી તારલાઓ તથા સમાજના વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન કરવામાં આવ્યા



પ્રાંતિજ, તા.૨૮

અમદાવાદ ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા રવિવારના રોજ સમાજમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહના દાંતા નરહરિભાઈ મોતીભાઈ રાવલ પરિવાર તથા રાવલ ટેક્ષટાઈલના સહયોગથી યોજાયો હતો. જેમાં એસએસસી, એચએસસી, કૉલેજ સુધીના તેજસ્વી તારલાઓનું ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માન કરાવામાં આવ્યું હતું. જયારે સમાજમાં વિશિષ્ટ વ્યકિતઓ ડૉકટર, એન્જિનિયર, વકીલ, ફિલ્મસ્ટાર, ગોલ્ડ મેડાલીસ્ટ તથા ગ્રીનીઝ બુકમાં નામ રોશન કરેલ તથા વિશિષ્ટ પદાધિકારીઓ તથા સમાજના તારલાઓને ઈનામ તથા મોમેન્ટો આપી સમાજ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જેમાં સમાજના પ્રમુખ કનુભાઈ રાવલ, મંત્રી મહેશભાઈ રાવલ, શિક્ષણ કન્વીનર નરહરિભાઈ રાવલ તથા શિવશક્તિના ચેરમેન સુરેશભાઈ રાવલ, વાઈસ ચેરમેન ગુણવંતભાઈ રાવલ સમાના પદાધિકારીઓ કારોબારી સભ્યો સહિત તપોધન બ્રાહ્મણ સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ખેરવા ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ૪૦૦ કૃતિઓનું પ્રદર્શન

મહેસાણા, તા.૨૮

મહેસાણા જિલ્લામાં ગણપત યુનિવર્સીટી ખેરવા ખાતે યોજાનાર રાજ્યકક્ષાના ૪૩ મા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની શિક્ષણ-વિભાગ અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણા તથા ગણપત યુનિવર્સીટી દ્વારા ૨૯ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન ખેરવા ખાતે પ્રદર્શન યોજાનાર છે.

આ ૪૩ મા ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્યના ૩૩ જિલ્લાના ૧૩૦૦ થી વિધાથીઓ અને શિક્ષકો હાજર રહી ૪૦૦ કૃતિઓનું નિદર્શન અને પ્રદર્શન થનાર છે.આ ઉપરાંત એજ્યુકેશન ઈનોવેશન ફેરનું પણ આયોજન થયેલ છે. કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યકક્ષાના મંત્રી નાનુંભાઈ વાનાણી તેમજ સંસદ જયશ્રીબહેન પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ પ્રદર્શનમાં જિલ્લાના બાળકો તેમજ નાગરિકોને લાભ મેળવે તે માટે લોકોને આમંત્રીત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યએ કર્યા છે.



## ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખે હોદ્દો સંભાળ્યો

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના નવીન ચૂંટાયેલા પ્રમુખ કુંવરબેન જવાહરલાલ ગમાર તથા ઉપપ્રમુખ કનુભાઈ ડાહ્યાભાઈ પટેલે સોમવારના રોજ હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસના કાર્યકરોએ કોંગ્રેસ જિંદાબાદના નારાથી તાલુકા પંચાયત પરિસર ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જનકસિંહ વાઘેલા - પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ, ભમરસિંહ ચાંદાવત, રામજી મહારાજ સહિત પંચાયતના કોંગ્રેસના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## પીસ.સી.એન્ડ પી.એન.ડી.ટી એક્ટની બેઠક યોજાશે

મહેસાણા, તા.૨૮

મહેસાણામાં પીસી એન્ડ પી.એન.ડી.ટી એક્ટ હેઠળ જિલ્લા સલાહકાર સમિતિની બેઠક ૩૦ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ૧૧-૦૦ કલાકે જિલ્લા પંચાયત કોમ્યુનિટીહોલ ખાતે યોજાશે.જેમાં નવીન કિલનીક હોસ્પિટલોની મંજુરી,રજિસ્ટ્રેશન રિન્યુઅલ,અને કાયદા હેઠળ કાર્યવાહી સહિત બેટી વાધાવો સહિતની વિવિધ બાબતો ચર્ચા કરવામા આવશે.

# સંક્ષિપ્ત સમાચાર

## દિયોદર શહેરમાંથી સગીરાનું લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરાયું

દિયોદર શહેરમાં તા.૨૧.૧૨.૧૫ના રોજ રાત્રે ૯.૦૦ કલાકના સુમારે તાલુકાના બોડા ગામે રહેતો રતાજી છગનજી ઠાકોર તે સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયેલ હતો જે બાલતની જાણ સગીરાના પરિવારને થતા પરિવારજનોએ આજુબાજુ સગાસંબંધીના ત્યાં શોધખોળ હાથ ધરી હતી. જેમાં સગીરાને બોડા ગામનો યુવક જ ભગાડી ગયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પરિવારજનોએ આજે દિયોદર પોલીસ મથકમાં ફરિયાદ આવી હતી. જેમાં સગીરા હોવાના કારણે પોલીસે અપહરણ અને પોષકોની કલમ નોંધી આરોપી સામે તપાસ હાથ ધરી છે. વધુ તપાસ સી.પી.આઈ. રાઠોડ ચલાવી રહ્યાછે.

## ભિલોડાના મોહનપુર ગામ પાસે એસ.ટી.બસ પલટી ખાતા મુસાફરોનો ચમત્કારીક બચાવ

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર મોહનપુર ગામ પાસે હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ. ટી. ડેપોની ભિલોડા-શામળાજી રૂટની એસ.ટી. બસ નંબર. જી.જે. ૧૮.વાય. ૩૮૮૭ એસ.ટી.બસના ડ્રાઈવરએ સ્ટેરીંગ ઉપરનો કાબુ એકા-એક



ગુમાવી દેતાં એસ.ટી. બસ પલટી ખાતા મુસાફરોનો ચમત્કારીક બચાવ થયેલ હતો. એસ.ટી.બસ પલટી ખાતા બસની અંદર બેઠેલા મુસાફરોએ બુમરાણ કરી મુકી હતી ત્યારે ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા ઉમટ્યા હતા.

## ભિલોડાના કમઠાડીયા ગામે ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કમઠાડીયા ગામમાં ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ યોજાયો. ભારતીય આદિવાસી અધિકાર પંચ ધ્વારા કમઠાડીયા ગામમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૫૦ ટીમોએ ભાગ લીધો હતો. ક્રિકેટની ફાયનલ મેચમાં કમઠાડીયા કિંગ કોબ્રા ટીમ ચેમ્પીયન બની હતી. આ પ્રસંગે રાજેન્દ્રકુમાર અસારી સુરેન્દ્રનગર ડી.એસ.પી.,



રાજેન્દ્રકુમાર પારઘી પ્રમુખ અરવલ્લી જીલ્લા પંચાયત, ડૉ.અનિલભાઈ જોષીયારા ભિલોડા-મેઘરજ ધારાસભ્ય, ઈન્દુબેન ભાવિનકુમાર તબિયાર સરપંચ વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત, ભારતીય આદિવાસી અધિકાર પંચ પ્રમુખ દિલીપભાઈ નિનામા, મહામંત્રી કિરીટભાઈ ખરાડી, ઉપપ્રમુખ જીતેન્દ્રકુમાર એન.બરંડા, સહમંત્રી સુભાષભાઈ તબિયાર, સંગઠન મંત્રી પરેશભાઈ જોષીયારા તેમજ સામાજીક કાર્યકરો, હોદ્દેદારો, કમઠાડીયા યુવાનોએ ક્રિકેટ ટુર્નામેન્ટ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાયનલ મેચમાં કમઠાડીયા કિંગ કોબ્રા અને કિંગ ઈલેવન ચુનાખાણની ટીમ સામ-સામે મુકાબલો હતો. જેમાં કમઠાડીયા કિંગ કોબ્રા ટીમ ચેમ્પીયન બની હતી.